# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. ગુજરાત વિધાનસભા સત્રના પહેલા દિવસે પ્રશ્નોત્તરી અને શોકદર્શક ઠરાવ રજૂ કરાશે.
2. રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનારા શિક્ષકો S.T.ની બસમાં આજીવન નિઃશુલ્ક મુસાફરી કરી શકશે.
3. પાવાગઢમાં ઉડનખટોલાના તાર તૂટી જતાં છ લોકોના મોત.
4. ભગવાન ગણેશજીની મૂર્તિઓના વિસર્જન સાથે આજે ગણેશોત્સવ સંપન્ન
5. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લીમાં આવતીકાલે અત્યંત ભારે વરસાદની આગાહી.
6. સુરતમાં છઠ્ઠી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં કચ્છ અને સુરતના ખેલાડીઓનો વિજય

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIDHANSABHA SATRA

ગુજરાત વિધાનસભાના ચોમાસા સત્ર પહેલા આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, બેઠકમાં વિધાનસભા ગૃહ માટેના કામકાજની ચર્ચા થઈ. સત્રના પહેલા દિવસે પ્રશ્નોત્તરી અને શોકદર્શક ઠરાવ કરાશે અને પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અપાશે. જ્યારે બીજા દિવસે "ઑપરેશન સિન્દૂર" તથા વસ્તુ અને સેવા કર – GST ફેરફાર અંગે અભિનન્દન પ્રસ્તાવ રજૂ કરાશે.

**(BYTE: RUSHIKESH PATEL, SANSADIYA MANTRI)**

-------------

# TEACHERS AWARD

રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનારા શિક્ષકો S.T. નિગમની તમામ પ્રકારની બસમાં આજીવન નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચર ફેડરેશન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ અંગે રજૂઆત કરાતા સરકારે આ નિર્ણય કર્યો છે.

અત્યાર સુધીના 957 જેટલા રાજ્ય અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકોને આ નિર્ણયનો લાભ મળશે. ઉપરાંત ભવિષ્યમાં આવા શ્રેષ્ઠ

શિક્ષકના રાજ્ય અને રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનારા શિક્ષકોને પણ આ લાભ મળવાપાત્ર થશે.

-------------

## PAVAGADH ROPEWAY ACCIDENT

પાવાગઢમાં ઉડનખટોલાના તાર તૂટી જતાં છ લોકોના મોત થયાના અહેવાલ છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાંથી નીજ મંદિર સુધી બાંધકામ માટેની સાધન સામગ્રી લઈ જવા તૈયાર કરાયેલા ઉડનખટોલાના તાર તૂટી જતાં આ દુર્ઘટના સર્જાઈ. તેના કારણે 2 લિફ્ટ સંચાલક, 2 શ્રમિક અને અન્ય બે લોકોએ જીવ ગુમાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પાવાગઢ મંદિર પરિસરમાં કેટલાક સમયથી નવીનીકરણ અને બાંધકામનું કામ ચાલી રહ્યું છે. ત્યારે આ દુર્ઘટનાની જાણ થતાં પાવાગઢ પોલીસમથક, ગોધરા અગ્નિશમન દળની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાના ચોક્કસ કારણો જાણવા ટૅક્નિકલ ટુકડી દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

-------------

## GANESH VISARJAN

રાજ્યભરમાં 10 દિવસના ગણેશોત્સવ આજે ભગવાન ગણેશજીની મૂર્તિઓના વિસર્જન સાથે સંપન્ન થયો. વિસર્જનને પગલે તમામ વહીવટીતંત્ર દ્વારા સુસજ્જ તૈયારીઓ કરવામાં આવી છે.

આજે અનંત ચતુર્થીના દિવસે ભરૂચમાં સવારથી જ ભક્તોએ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરી બાપ્પાને વિદાય આપી.

સાબરકાંઠામાં ભક્તોએ ડી.જે. અને ગરબાના તાલે આજે ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું વિસર્જન કર્યું. દરમિયાન વિસર્જન સ્થળોએ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.

તાપીમાં કુલ સાતસો જેટલી મૂર્તિઓનું પોલીસ બંદોબસ્ત વચ્ચે વિસર્જન કરાયું.

સુરતમાં વિસર્જન વખતે એક મંડળ દ્વારા બાપ્પાની સેવામાં કોઈ ભૂલચૂક થઈ હોય તો ઉઠક બેઠક કરી માફી માગતા- માગતા વિસર્જન કરાયું.

નવસારી, બીલીમોરા અને ગણદેવી શહેરોથી માંડીને વાંસદા તાલુકા સહિત જિલ્લાભરમાં 15 હજાર જેટલી ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરાયું. આજે વહેલી સવારથી યજ્ઞ, હોમ, હવન, પૂજા, આરતી અને મહાપ્રસાદ સાથે વિસર્જન યાત્રાઓ યોજાઇ.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## WEATHER FORECASTT

રાજ્યભરમાં આજે અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ થયાના અહેવાલ છે. તેવામાં હવામાન ખાતાએ આવતીકાલે સમગ્ર કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં છૂટાછવાયા સ્થળ પર અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, ગાંધીનગર અને મહીસાગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની શક્યતા છે.

દરમિયાન આજે સાંજે છ વાગ્યા સુધીમાં 209 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ 7 ઇંચ જેટલો વરસાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ ૭૭ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે.

-------------

## GUJARAT RAIN

રાજ્યના અનેક જિલ્લામાં આજે ધોધમાર વરસાદ વરસ્યો.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આજે સૌથી વધારે પાંચ ઇંચ જેટલો વરસાદ થયો. કપરાડાના મનાલા ગામમાં ચેકડેમ કમ કોઝવે પર પાણી ફરી વળતાં બાઈક પર સવાર બે યુવાન તણાઇ ગયા હતા. જોકે લોકોએ સમય સૂચકતાથી બંનેને બચાવી લીધા. હાલ નદીના તટ વિસ્તારમાંથી પસાર થતા 96 મુખ્યમાર્ગ વાહન વ્યવહાર માટે બંધ છે.

## (વોઇસકાસ્ટ- વલસાડ-નવીન પટેલ)

ભરૂચમાં નર્મદા નદીમાં પૂરના પગલે કુલ 269 લોકોનું સ્થળાંતર કરાયું. પુરના પાણી ઓસરતા તેઓ ફરી તેમના ઘરે પરત ફરી શકશે.

દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા સહિત આસપાસના 31 ગામને પાણી પૂરૂં પાડતો ઘી બંધ સંપૂર્ણ છલકાઇ જતાં નીચાણવાળા વિસ્તારના છ ગામને સાવચેત કરાયા છે. તાલુકાના કુબેર વિસોત્રી, કોઠા વિસોત્રી, હર્ષદ પુર, સોડસલા, રામનગર સલાયા તેમજ ખંભાળિયા નગરપાલિકાના નીચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા સૂચના અપાઈ.

બોટાદમાં ભારે વરસાદને પગલે પાણીની આવક વધતા ભીમડાદ બંધ ત્રીજી વાર સંપૂર્ણ છલકાઇ ગયો છે. તેના કારણે આસપાસના 10 જેટલા ગામને સિંચાઈ અને પીવાના પાણીનો લાભ મળશે.

પાટણ જિલ્લામાં દિવસભર કાળા ડીબાંગ વાદળો જોવા મળ્યા બાદ ધોધમાર વરસાદ થયો.

તો મહેસાણામાં આવતીકાલે અતિભારે વરસાદની આગાહીને લઇ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરાયો છે.

--------------------------------------------

# NDRF TEAM DEPLOYMENT

રાજ્યમાં ભારે વરસાદની આગાહીને લઈ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- SDRFની 20 ટુકડી તહેનાત કરવામાં આવી છે. જ્યારે વડોદરામાં NDRFની ટુકડીઓને ખડેપગે રખાઈ છે.

ભારે વરસાદની આગાહી અંગે રાજ્ય સરકારે આ મામલે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આગાહી પ્રમાણે પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે.

**(BYTE: RUSHIKESH PATEL, PRAVAKTA MANTRI)**

-------------

# VIKSATI JATI GHAR

રાજ્યમાં ગત પાંચ વર્ષમાં વિકસતી જાતિના 73 હજારથી વધુ નાગરિકોનું પોતાના "ઘરના ઘર"નું સ્વપ્ન સાકાર થયું છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના તેમના માટે મહત્વની યોજના સાબિત થઈ રહી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ મયુર સોલંકી)**

**(.... રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ – SEBC, આર્થિક પછાત વર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિના નાગરીકોના કલ્યાણ માટે અનેક યોજના અમલી છે. ત્યારે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વિકસતી જાતિના નાગરીકોને મકાન બાંધકામ માટે સહાય અપાય છે. તે અંતર્ગત ગત પાંચ વર્ષમાં વિકસતી જાતિના 73 હજાર 469 નાગરિકોને પોતાના 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર થયું છે. યોજનાનો લાભ મેળવવા લક્ષ્યાંક સામે અરજીઓ મળે ત્યાં સુધી ઑનલાઈન અરજીઓ મગાવવાની સમયમર્યાદા પણ વધારાઈ છે. લાભાર્થીઓને આવાસ બાંધકામ માટે એક લાખ 70 હજાર રૂપિયાની સહાય પણ અપાય છે.**

**મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ.**

-------------

# TABLE TENNIS

છઠ્ઠી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ધ્રુવ બાંભણીયા અને વિન્સી તન્ના 13 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં વિજેતા થયા છે. સુરતમાં યોજાયેલી સ્પર્ધામાં કચ્છના ધ્રુવે બે રમતની સરસાઈ હાંસલ કરી, પરંતુ બીજા ક્રમના અંશ ખમારે વળતી લડત આપીને આગામી બે રમત જીતીને સ્કોર સરભર કર્યો. જોકે ધ્રુવે અંતિમ રમત જીતવાની સાથે આ સિઝનનો પોતાનો પ્રથમ ખિતાબ 3-2થી જીત્યો.

છોકરીઓની શ્રેણીમાં સુરતના જ બે ખેલાડી વચ્ચે ફાઇનલ રમાઈ, જેમાં વિન્સી તન્નાએ તેના સાથી અને બીજા ક્રમના ધિમહી કાબરાવાલાને

3-0થી હરાવ્યા. તેમણે આ સિઝનમાં ત્રીજો ખિતાબ જીત્યો. આ ટુર્નામેન્ટમાં વિન્સી એક પણ રમત હાર્યા નથી.

-------------

# PANCHMAHAL SPARDHA

પંચમહાલમાં વિવિધ તાલુકાની શાળાઓમાં 14, 17 અને 19 વર્ષથી ઓછી વયના બાળકો માટે જિલ્લાકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ. તેમાં 127 જેટલા બાળકો અને 96 જેટલી બાળકીઓએ ભાગ લીધો. ગોધરાના જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર—સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ કનેલાવ ખાતે યોજાયેલી સ્પર્ધાનું આયોજન ગુજરાત રમતગમત સત્તામંડળ અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા કરાયું હતું. સ્પર્ધામાં પસંદ થયેલા વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

-------------

# SANAND COURT LOKARPAN

કાયદા મંત્રી ઋષિકેશ પટેલે આજે અમદાવાદના સાણંદમાં અંદાજે 10 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત “ન્યાયમંદિર”નું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે આ ન્યાયમંદિર થકી નાગરિકોની ન્યાયી યાત્રા સુદ્રઢ અને સુખમય બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

શ્રી પટેલે કહ્યું, દરેક તાલુકામાં અદ્યતન અદાલતનું નિર્માણ થઈ રહ્યું છે, જેમાં આરોગ્યની વ્યવસ્થા, વિજ્ઞાન–ટૅક્નોલૉજીથી સભર અને ન્યાયિક પ્રક્રિયા વેગવંતી બને તેવી વ્યવસ્થા સરકારે સુનિશ્ચિત કરી છે. ઉપરાંત ફ્રૉર્મલ વિટનૅસ ડિપોઝિશન સૅન્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ ઇ-કોર્ટ મિશન મૉડ પ્રૉજેક્ટનું પણ ઝડપી અમલીકરણ થઈ રહ્યું છે.

-------------